જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ–૩૬૨ ૦૦૧(ગુજરાત)

# જાહેરાત ક્રમાંકઃ ૦૨/૨૦૧૬(સુધારો)

આ વિશ્વ વિદ્યાલય હેઠળના ક્ષેત્રાધિકારમાં આવેલ જુદી–જુદી કચેરીઓમાં નીચે દર્શાવેલ વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ પ્રથમ પાંચ વર્ષના કરાર આધારે ફિકસ પગારથી પાંચ વર્ષના સમયગાળા માટે ભરવાની થતા જાહેરાત આપેલ છે તેમાં નીચેની વિગતે શૈક્ષણિક લાયકાતમાં ઉમેરો કરવામાં આવેલ છે. સદરહુ જગ્યા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૮ | લાઈવસ્ટોક ઈન્સ્પેકટર |
| ઉંમર | ૧૮ થી ૩૫ વર્ષ |
| પગાર ધોરણ | પે બેન્ડ રૂા.૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે રૂા. ૨૪૦૦/–<br>કરાર આધારે માસિક ફિકસ પગાર રૂા. ૭૮૦૦/– પાંચ વર્ષ સુધી |
| લાયકાતમાં ઉમેરો કરેલ વિગત | ૧. સરકાર માન્ય યુનિવર્સિટીનો લાઈવસ્ટોક ઈન્સ્પેકટર તાલીમ કોર્ષ પાસ કરેલ હોવા જોઈએ.<br>૨. ધોરણ–૧૦ અંગ્રેજી વિષય સાથે પાસ.<br>૩. કેન્દ્ર / રાજયનાં કૃષિ / વેટરનરી યુનિવર્સિટી એકટ મુજબ સ્થપાયેલ / સમાવીષ્ટ થયેલ તથા ઈન્ડીયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (ICAR) માન્ય યુનિવર્સિટી માંથી ડિપ્લોમાં ઈન વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસબન્ડરી **અથવા** ડિપ્લોમાં ઈન એનીમલ હસબન્ડરીનો ત્રણ વર્ષનો કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ |

જાહેરાત ક્રમાંકઃ૦૨/૨૦૧૬ મુજબ ક્રમ નં.૮ લાઈવસ્ટોક ઈન્સ્પેકટરની શૈક્ષણિક લાયકાતમાં ક્રમ નં.૨ અને ૩ ની લાયકાતમાં ઉમેરો કરતાં ઉકત લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઓન લાઈન અરજી સૌ પ્રથમ વેબ સાઈટ http://jau.ojas.sauguj.in ઉપર આપવામાં આવેલ ઓન લાઈન ઈન્ટરનેટ બેંકીંગ લીંક પરથી અરજી પત્રકની ફીની રકમ જમા કરવાની રહેશે. ફી ભર્યા બાદ ૨૪ કલાક પછી http://jau.ojas.sauguj.in ઉપર ફીની રકમ જમા કરાવ્યાની વિગત ભર્યા બાદ ઓન લાઈન અરજી પત્રક ખોલીને જરૂરી તમામ વિગતો ભરીને ઓન લાઈન અરજી ફોર્મ સબમીટ કરવાનું રહેશે. આ જાહેરાત અન્વયે **જે ઉમેદવારોએ અગાઉ અરજી કરેલ છે તેઓએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં.**

ઓન લાઈન અરજી ફોર્મની પ્રીન્ટ નકલ તથા તેને સબંધિત જરૂરી તમામ પ્રમાણિત કરાયેલ બિડાણો સાથે **કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ પાસે, જૂનાગઢ–૩૬૨૦૦૧**ની કચેરી ખાતે **તા.૧૦/૦૨/૨૦૧૭** સુધીમાં ટપાલ દ્વારા અથવા રૂબરૂમાં કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધીમાં પહોચતા કરવાના રહેશે, રૂબરૂમાં આવેલ અરજીની કોઈ પહોંચ આપવામાં આવશે નહીં.

જાહેરાત ક્રમાંકઃ૦૨/૨૦૧૬ની બાકીની વિગતો યથાવત રાખવામાં આવે છે.

**ઓન લાઈન અરજી કરવાની વિગતોઃ**

| No. | Activity | Date | |
|---|---|---|---|
| | | From | To |
| 1 | Display of Advertisement on http://jau.in **or** http://jau.ojas.sauguj.in | 20/01/2017 | 30/01/2017 |
| 2 | Payment of processing fee either through internet banking or through cash (http://www.onlinesbi.com) in any branch of State Bank of India | 20/01/2017 | 30/01/2017 |
| 3 | Online submission of application form through the website http://jau.ojas.sauguj.in | 21/01/2017 | 31/01/2017 |
| 4 | Last date of submission of hard copy of online Application form and related certificate. | - | 10/02/2017 |

જૂનાગઢ
તા. ૧૬ / ૦૧ /૨૦૧૭

કુલસચિવ

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ

### :: અગત્યની શરતો ::

**અરજી પત્રકની વિગતો**

**(અ) અરજી પત્રકની ફી નીચેની વિગતે ભરવાની રહેશે, (જે કોઈ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી)**

| ક્રમ | વિગત | અરજી ફીની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | બિન અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર માટે | ૪૦૦.૦૦ |
| ૨. | અનામત પુરૂષ / મહિલા (અનુસુચિત જાતિ / અનુસુચિત જન જાતિ / સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ / શારીરીક ખોડ ખાપણ / માજી સૈનિક ) | ૧૦૦.૦૦ |

**(બ)અરજી પત્રક ભરવા અંગેની માહિતી**

ઉમેદવારે સૌ પ્રથમ વેબ સાઈટ http://jau.ojas.sauguj.in ઉપર આપવામાં આવેલ ઓન લાઈન ઈન્ટરનેટ બેંકીંગ લીંક પરથી અરજી પત્રકની ફીની રકમ જમા કરવાની રહેશે. ફી ભર્યા બાદ ૨૪ કલાક પછી http://jau.ojas.sauguj.in ઉપર ફીની રકમ જમા કરાવ્યાની વિગત ભર્યા બાદ ઓન લાઈન અરજી પત્રક ખોલીને જરૂરી તમામ વિગતો ભરીને ઓન લાઈન અરજી ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

ભરવામાં આવેલ ઓન લાઈન અરજી ફોર્મની પ્રીન્ટ નકલ તથા તેને સબંધિત જરૂરી તમામ પ્રમાણિત કરાયેલ બિડાણો સાથે **કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ પાસે, જૂનાગઢ–૩૬૨૦૦૧**ની કચેરી ખાતે **તા.૧૦/૦૨/૨૦૧૭** સુધીમાં ટપાલ દ્વારા અથવા રૂબરૂમાં કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધીમાં પહોચતા કરવાના રહેશે, રૂબરૂમાં આવેલ અરજીની કોઈ પહોંચ આપવામાં આવશે નહીં.

ઓન લાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત અને નીચેની અગત્યની શરતો વાંચી સમજી અરજી કરવાની રહેશે.

| | |
|---|---|
| ૧ | નામ. સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૨૦૧૫–૧૨૨૩–ક, તા.૦૬/૧૧/૨૦૧૫ મુજબ વર્ગ–૩ સંવર્ગની તમામ જગ્યાઓની સીધી ભરતીથી નિમણૂંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview)ની જોગવાઈ રદ્દ થતા ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે. સ્પર્ધાત્મક પરીક્ષા માટે જગ્યાના સંવર્ગવાર સીલેબસ તેમજ ભરતી પ્રક્રિયાની વિગતો અલગથી યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. |
| ૨ | ઉપરોકત ક્રમ–૧ થી ૮ જગ્યાના ઉમેદવારોએ ઉપરોકત શૈક્ષણિક લાયકાત ઉપરાંત નામ. ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક સીઆરઆર–૧૦૨૦૦૭–૧૨૦૩૨૦–ગ–૫, તા.૧૩/૦૮/૨૦૦૮ થી નકકી કરેલ અભ્યાસ ક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ રાજય સરકાર દ્વારા નિયત કરેલ તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈએ, આ અંગે રાજય સરકાર સમયોચિત જે નીતિ નકકી કરે તેનો અમલ કરવાનો રહેશે. |
| ૩ | **ગુજરાત સરકારશ્રીનાં સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૧૨૦૦૮–૨૮૨૩૨૩–ગ.૫, તા.૦૬/૧૦/૨૦૧૫ થી થયેલ જોગવાઈ મુજબ તમામ કેટેગરીમાં જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવામાં આવશે.** |
| ૪ | અનામતની જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો, માજી સૈનિકો, શારિરીક ખોડખાંપણ ધરાવતા તથા મહિલા ઉમેદવારોને નામ. સરકારશ્રીના નીતિ નિયમો મુજબ ઉપલી વય મર્યાદામાં છુટછાટ આપવામાં આવશે. |
| ૫ | અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના ઉમેદવારો માટે હોવાથી અન્ય રાજયના ઉમેદવારોએ અનામત જગ્યા માટે અરજી કરવી નહીં. |
| ૬ | અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઈને વયમર્યાદા તથા અનુભવની ગણતરી કરવામાં આવશે. |
| ૭ | અરજી પત્રક ઉપર નિયત કરેલ જગ્યાએ તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ અવશ્ય લગાવવો તેમજ એક ફોટોગ્રાફમાં પાછળ નામ તથા સહી કરી અરજી સાથે અવશ્ય મોકલવાનો રહેશે. |
| ૮ | **અરજી સાથે જોડેલ તમામ પ્રમાણપત્રો પ્રમાણિત કરેલા હોવા જોઈએ.** |
| ૯ | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારો (SEBC) એ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬નું તા.૦૧/૦૪/૨૦૧૬ પછી ઈશ્યુ થયેલ નોન ક્રીમીલેયર સર્ટીફિકેટની પ્રમાણિત નકલ અવશ્ય જોડવાની રહેશે. |

| | |
|---|---|
| ૧૦ | ઉમેદવારે અરજી મોકલતી વખતે કવર પર " **જગ્યાનું નામ** " દર્શાવવાનું રહેશે. |
| ૧૧ | અધૂરી / અસ્પષ્ટ / અવાચ્ય અરજી તેમજ જે તે જગ્યાના લગતા જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ જોડેલ ન હોય તેવી તમામ અરજીઓ રદ્દ થવા પાત્ર રહેશે. તેમજ રદ્દ માટેના કોઈ કારણ આપવામાં આવશે નહી અને નિયત સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ કોઈપણ સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. |
| ૧૨ | ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ માટે મહતમ વય મર્યાદામાં સ્ટેચ્યુટ S116 ના નિયમ ૨૭.૩ અને ૨૭.૪ મુજબ છુટછાટ મળવા પાત્ર રહેશે. |
| ૧૩ | અરજી કર્યા બાદ ભલામણ પત્ર કે અન્ય બાબતે પત્ર વ્યવહાર કરવામાં આવશે તો તેના ઉપર ધ્યાન આપવામાં આવશે નહી અને અરજી રદ્દ ગણીને ફાઈલે કરવામાં આવશે. |
| ૧૪ | ફિકસ પગારની યોજના હેઠળ ઉમેદવાર પસંદગી પામશે તો તેમની પાંચ વર્ષની સેવાઓ / ફરજો સંતોષકારક હશે તો સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગાર ધોરણમાં નિયમિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે, પાંચ વર્ષના અજમાયશી સમય દરમ્યાન સરકારશ્રીએ વખતો વખત નિયત કરેલ CCC ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરવી ફરજીયાત છે. |
| ૧૫ | ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણય માટે યુનિવર્સિટીને હકક અબાધિત રહેશે. |
| ૧૬ | અરજી ફીની રકમ કોઈ સંજોગોમાં પરત મળવા પાત્ર નથી. |
| ૧૭ | હાલમાં નામ. સરકારશ્રીના તા.૧૨/૫/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : પવસ/૧૦૨૦૧૬/૫૩૯/ગ.૪ થી રોસ્ટર અંગેના નવા નિયમો અમલમાં આવેલ છે જેમાં બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને ૧૦ % અનામત આપવાની જોગવાઈ હતી, પરંતુ આ ઠરાવનો અમલ અધિક સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના પત્ર નં. સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ તા. ૦૮/૦૮/૨૦૧૬થી આ અનામત બાબતે બહાર પાડવામાં આવેલ ઠરાવોનો અમલ સ્થગિત કરવા જણાવેલ છે. આથી આ બાબતે નામ. કોર્ટ / રાજય સરકાર દ્વારા જે કોઈ સુચના આપવામાં આવશે તેનો અમલ કરવામાં આવશે, તેમજ તે પ્રમાણે આ જાહેરાતમાં દર્શાવેલ કક્ષાવાર જગ્યાઓમાં ફેરફાર કરવામાં આવશે. |

જૂનાગઢ
તા. ૧૬/૦૧/૨૦૧૭

કુલસચિવ